ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# રણજી ટ્રોફીના ખેલાડીઓને ટેસ્ટ મેચ રમાડતા હોય તેવી ભાજપ-કોંગ્રેસની સ્થિતિ

મહાનગરમાં કોરોનાના વધતા પ્રકોપ વચ્ચે ગુરૂવારે બધા જ પક્ષોના બધાજ ઉમેદવારોએ શક્તિ પ્રદર્શન કર્યુ. ટોળેટોળાથી કલેક્ટર કચેરી સંકુલ છલકાઈ ગયુ હતુ. ભગવાન કરે ને આ સુપર સ્પ્રેડર ના બને એવી પ્રાર્થના છે. હાલ તો ૪૪ બેઠકો માટે ૨૩૩ ઉમેદવારી પત્રો ભરાયા છે. જો કે હજુ ૨ દિવસમાં ૭૦-૮૦ ઉમેદવારી પત્રો રદ થશે કે પાછા ખેંચાશે. એટલે સોમવારે સાંજે સાચુ ચિત્ર બહાર આવશે. કોંગ્રેસ ભાજપના ૪૪-૪૪ અને જોગ છે..! આ તો રાજકારણ છે..! સામાજીક સમીકરણો જાળવવામાં કોંગ્રેસ મોવડી મંડળે જાણે હાથ અદ્ધર કરી દીધા હોય તેવુ લાગે છે. બે-ત્રણ વોર્ડ સિવાય નેતાઓને સંતોષ્યા છે. જો કે દસેક ઉમેદવારો એકદમ મજબુતાઈથી લડત આપશે એમાં કોઈ શંકા નથી. અને કદાચ એમની મજબુતાઈ પેનલના અન્ય સભ્યોને જીતાડવામાં મદદરૂપ પણ બની શકે. આમ છતાં ચૂંટણીનો જંગ રસપ્રદ બનાવવામાં કોંગ્રેસની ભૂમિકા મહત્વની હશે.

## મહાનગરનો મહાજંગ

### આમ આદમી પાર્ટી લડવા માટે ઉત્સાહિત છે પણ ઉમેદવારોની શક્તિ નીવડે ખબર પડે

આમ આદમી પાર્ટીના ૪૩ ઉમેદવાર પ્રાથમિક તબક્કે મેદાનમાં છે. દર વખતની જેમ બે-ચાર વિવાદો થશે એક-બે પક્ષોના ઉમેદવારી પત્રો પણ રદ થશે અને અંતે ચોખ્ખુ ચિત્ર રજુ થશે. હાલ તો ત્રણેય મુખ્ય પક્ષો પ્રચારની વ્યુહરચના ગોઠવે છે

આ બધાની વચ્ચે 'આમ આદમી પાર્ટી' જંગને નવો મોડ આપશે. નવો જ પક્ષ છે... નવા જ ઉમેદવારો છે નવી જ રીતભાત લઈને મેદાનમાં ઉતરે છે ત્યારે ભાજપને નુકશાન કરશે કે કોંગ્રેસને એ હજુ અસ્પષ્ટ છે. પરંતુ પરિણામોમાં અસરકારક ભૂમિકા ચોક્કસ ઉભી કરશે. કેટલાંક ઉમેદવારો

**આગામી પખવાડીયુ ગાંધીનગરમાં નવા-નવા ચહેરા જોવા મળશે. ટોળે-ટોળા ઘેર-ઘેર ફરશે પોતાના પક્ષના અને પોતાના ઉમેદવારોની વાતો કરશે... વિગતો આપશે... રણનીતિથી વાકેફ કરશે..!! પણ હા... ધ્યાન રાખજો કોરોના ખતરનાક ગતિએ વધી રહ્યો છે. માસ્ક પહેરીને જ વાત કરવી..., સોશિયલ ડિસ્ટન્સીંગથી વાત કરજો**

અને સોમવારથી ડોર-ટુ-ડોર પ્રચાર શરૂ થશે. આજકાલ જ્ઞાતિ સમાજોના હોદ્દેદારોની બોલબાલા છે અને રીસાયેલા-દુભાયેલા કાર્યકરોને મનાવવાના પ્રયાસ ચાલી રહ્યા છે. જેને રાજકારણમાં ડેમેજ કંટ્રોલ કવાયત કહેવાય છે. જો કે આ મલમ પટ્ટા છે.

'કોંગ્રેસ' અને 'આપ' એ બન્ને પક્ષોએ ઉમેદવારોને સીધી સુચના આપી ઉમેદવારી પત્રો ભરાવ્યા. કોંગ્રેસે ૧૫ અને આમ આદમી પાર્ટીએ ૨૦ ઉમેદવારો જાહેર કરી ચૂંટણીની પ્રથમ તબક્કાની કામગીરી સંપન્ન કરી. ભાજપની જેમ કોંગ્રેસમાં પણ કકળાટ હતો જ અને દેખાયો છે. ઉમેદવારોની પસંદગીમાં કાતર ફેરવાઈ છે એ પણ દેખાય છે. કોણ લડ્યુ નથી ને કોણ લડાવાયુ નથી... એની ગુપસુપ પક્ષમાંય ચાલે છે ને શહેરમાંય ચાલે છે. ભાજપની જેમ કોંગ્રેસના ઉમેદવારની યાદી પણ ફિક્કી લાગે છે. બન્ને પક્ષો જાણે રણજી ટ્રોફીની ટીમોને ટેસ્ટ મેચ રમાડતા હોય તેમ દેખાઈ આવે છે. જો કે કોંગ્રેસે ભાજપના લાભ માટે જ નબળી ટીમ ઉતાર્યાનું ખૂણે ખાંચરે ચર્ચાય પણ છે. બનવા તો ભારે લડત આપી શકે તેમ છે. અને કેટલાંક જીતી પણ શકે તેમ છે, પરંતુ માહોલ કેવો ઉભો કરી શકે છે આમ આદમી પાર્ટી... અને કેમ વ્યુહરચના કરે છે તેના ઉપર આધાર છે. જો કે અમદાવાદ-સુરતના કાર્યકરો આગામી દિવસમાં ઉતરી પડશે એવી ચર્ચાઓ પક્ષના અંતરંગ વર્તુળોમાં ચાલે છે. જો કે બધા જ પક્ષો પોત પોતાની તમામ તાકાત ગાંધીનગરમાં લગાવશે. આગામી પખવાડીયુ ગાંધીનગરમાં નવા-નવા ચહેરા જોવા મળશે. ટોળે-ટોળા ઘેર-ઘેર ફરશે પોતાના પક્ષના અને પોતાના ઉમેદવારોની વાતો કરશે... વિગતો આપશે... રણનીતિથી વાકેફ કરશે..!! પણ હા... ધ્યાન રાખજો કોરોના ખતરનાક ગતિએ વધી રહ્યો છે. માસ્ક પહેરીને જ વાત કરવી... સોશિયલ ડિસ્ટન્સીંગથી વાત કરજો અને પ્રચાર સાહિત્યને હાથમાં પકડ્યા પછી સેનેટાઈઝરથી હાથ ધોજો... રાજકારણ-રાજકારણની જગ્યાએ... ચૂંટણી-ચૂંટણીની જગ્યાએ પણ આપણે આપણા ગાંધીનગરનું સ્વાસ્થ્ય જાળવવું હોય તો કોરોનાની આચારસંહિતા પાળજો... પાળજો ને પાળજો..!!

# ભાજપ-કોંગ્રેસ ડેમેજ કંટ્રોલમાં વ્યસ્ત

## ઉમેદવારો સાથે નેતાઓની બેઠકો થઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગના મુખ્ય સ્પર્ધક ગણાતા ભાજપ-કોંગ્રેસ પક્ષે આજથી ડેમેજ કંટ્રોલની કવાયત તેજ કરી છે.

બન્ને પાર્ટીએ આજે તેના ઉમેદવારો સાથે બેઠક યોજી અને કોરોનાની ગાઈડલાઈનના અમલ સાથે પ્રચાર અભિયાન ચલાવવામાં આવે તેવી સલાહ આપી છે. બન્ને પાર્ટીએ મતદારોનો હાઉસ ટુ હાઉસ રાઉન્ડ લેવા માટેની પણ ખાસ સલાહ આપી છે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસ પક્ષે ગાંધીનગર નજીકથી એક હોટલ ખાતે પ્રદેશ અગ્રણીઓ, વોર્ડ નિરીક્ષકો તેમજ ગુજરાતના પ્રભારી જીતેન્દ્ર બધેલની ઉપસ્થિતિમાં આ બેઠક યોજી હતી અને પ્રચાર અભિયાન અંગેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી.

ભાજપે પણ નીરીક્ષકો, પ્રભારીઓ અને વોર્ડ પ્રમુખો તેમજ ઉમેદવારોની સંયુક્ત બેઠક યોજી હતી. તેમાં પડકારો, તકને લઈ પ્રચાર અભિયાન કેવી રીતે કરવુ તેમજ કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તતાથી પાલન કરવા અને સોમવારથી જાહેર પ્રચારના શ્રી ગણેશ કરવા જણાવવામાં આવ્યુ હતુ.

બીજી તરફ ગાંધીનગર મનપાની આ ત્રીજી સામાન્ય ચૂંટણીમાં ત્રીજા પરિબળ તરીકે ઉપસી આવેલ આમ આદમી પાર્ટીએ આજે તેનુ ચૂંટણી સંકલ્પ પત્ર જારી કરી દીધા બાદ તેના ઉમેદવારોને હાઉસ ટુ હાઉસ અભિયાનનો આરંભ કરી દીધો છે એટલુ જ નહિ મહત્વના પ્રશ્નો લોકો દ્વારા રજુ થાય અને તેનો ઝડપી ઉકેલ શક્ય હોય તો તેમાં મદદરૂપ થવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

બન્ને મુખ્ય પક્ષોના નેતાઓએ સ્થાનિક આગેવાનોની નારાજગી દૂર કરવા માટે ગૃપ બેઠકો પણ શરૂ કરી દીધી છે. સોમવાર સુધીમાં આ કામગીરી પુરી કરી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

## આજે ઉમેદવારી પત્રોની ૧૧ વાગ્યાથી ચકાસણી શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે.

ચૂંટણી અધિકારીઓની કચેરી ખાતે વોર્ડવાર ઉમેદવારી પત્રોની ચકાસણી સવારે ૧૧ વાગ્યાથી શરૂ થશે જે બપોર ૩ વાગ્યા સુધી ચાલશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે તંત્રએ ચકાસણી માટેની તૈયારીઓ પૂરી કરી લીધી છે.

ગઈકાલે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ હતો. આ જંગ માટે ૨૩૩ ઉમેદવારી પત્રો ભરાયા છે. આજે ચકાસણી દરમ્યાન ડમી ઉમેદવારોના ઉમેદવારી પત્રો આપોઆપ રદ થશે. આ પછી ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની પ્રક્રિયા શરૂ થશે.

સોમવારે બપોરના ૩ વાગ્યા સુધી ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે. આ દિવસે ૩ વાગ્યા પછી હરિફ ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે અને તે પછી શહેરમાં જાહેર પ્રચાર અભિયાનના પણ શ્રી ગણેશ થશે.

# સે-૬માંથી ૫માં જવા તરફનો આખો ડામર માર્ગ અદ્રશ્ય

## વરસાદી પાણીના નિકાલની લાઇનનુ કામ પુર્ણ થયા બાદ ડામર માર્ગ પર માટીના મોટા થર જામ્યા છે : વર્ષના અંતે પણ સ્થાનિકોએ વન વે અવરજવર કરવી પડે છે



ગાંધીનગર તા ૨

શહેરના સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ આડેધડ ખોદકામ કરવામાં આવ્યુ હતુ જયારે લાંબા સમયના અંતે પણ સ્થાનિકોએ તેનુ પરિણામ ભોગવવુ પડે છે. સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામ બાદ સે-૬ માં એક આખો રસ્તો અદ્રશ્ય થઈ ગયો છે. જેના લીધે સે- ૬ માંથી સે-૫ માં જવા માટે વાહનચાલકોએ વન વે નો ઉપયોગ કરવો પડે છે. આ માર્ગ પર માટીના થર જામ્યા છે. જેના લીધે સ્થાનિકો પરેશાન છે.

● અનુસંધાન પાન-૭ પર

## મુંબઈ-અમદાવાદ તેજસ એક્સપ્રેસ બંધ કરી દેવાઈ

અમદાવાદ, તા. ૨

કોરોના વાયરસના વધતા સંક્રમણનો માર ટ્રેનોના સંચાલન ઉપર પણ પડવા લાગ્યો છે. ભારતીય રેલવેએ મુંબઈ સેન્ટ્રલથી અમદાવાદ વચ્ચે ચાલતી તેજસ એક્સપ્રેસનું સંચાલન એક મહિના માટે બંધ કર્યું છે. પશ્ચિમ રેલવેના પ્રવક્તાએ જણાવ્યું કે કોવિડ ૧૯ના વધતા કેસ જોતા મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડતી તેજસ ટ્રેન(૮૨૯૦૨/૮૨૯૦૧) ને બે એપ્રિલથી આગામી એક મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવી છે.

રેલવેના પ્રવક્તાએ જણાવ્યું કે જે લોકોએ તેજસ ટ્રેન માટે ટિકિટ બુક કરાવી છે, તેમને કેન્સલ કરી દેવાઈ છે. તેની સૂચના મુસાફરોને આપી દેવાઈ છે અને તેમના પૈસા પણ પાછા આપવામાં આવશે. અત્રે જણાવવાનું કે ગત વર્ષ માર્ચમાં લોકડાઉન લાગ્યા બાદ ભારતીય રેલવેએ તમામ ટ્રેનોને રદ કરવામાં આવી હતી.

# જિલ્લામાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ : નવા ૫૫ કેસ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો રોકેટ ગતિએ વધી રહ્યા છે. જિલ્લામાં આજે ૫૫ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૯ અને શહેરમાં ૨૬ કેસ નોંધાયા છે.

કોરોનાના કેસોની ગતિ જોઈ તંત્ર પણ સ્તબ્ધ થયુ છે. આ નવી લહેરમાં દર બે દિવસે કેસોની સંખ્યા ૧૦૦ થઈ રહી છે. આ અત્યંત ઝડપથી પ્રસરી રહ્યો હોવાથી તેમજ પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૧ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ૪ કર્મયોગી પણ સંક્રમિત થયા છે. સાત ખેડૂતો સંક્રમિત થયા છે. ગ્રામીણ વિસ્તારમાં પણ હવે જે ગતિએ કેસો વધી રહ્યા છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૩ કેસ, ૯ કેસ કલોલમાં તથા એક કેસ માણસા તાલુકામાં અને ૧૬ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. કલોલ દહેગામમાં કેસોની સંખ્યા વધી છે. માણસામાં પણ ધીમી ગતિએ કેસો દેખાવાના શરૂ થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૪ દર્દીને વધુ સારવારની જરૂર જણાતાં હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

દહેગામ તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે. દહેગામ અર્બનમાં બે કેસ નોંધાયા છે. જેમાં સાત વર્ષની બાળકીનો સમાવેશ થાય છે. બાળકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા પણ વધી છે. દહેગામ તાલુકાના હાલીસા ગામેથી એક કેસ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના રૌદ્ર સ્વરૂપ બતાવી રહ્યો છે. ચંદ્રાલામાંથી બે કેસ, છાલા અને વાવોલમાંથી એક-એક કેસ, કોલવડામાંથી એક કેસ, કુડાસણમાંથી ૩ કેસ, રાંદેસણ અને રાયસણમાંથી એક-એક કેસ, પેથાપુરમાંથી ૨ કેસ, સરગાસણમાંથી ૨ કેસ, ઈસનપુર મોટા ગામેથી બે કેસ મળી આવેલ છે.

**દહેગામમાં સાત વર્ષની દિકરી સહિત ૩ કેસ; કલોલમાં નવ કેસ; ગાંધીનગર ગ્રામ્યમાં ૧૬ કેસ અને માણસામાં એક કેસ નોંધાયો : શહેરમાં સે. ૨૮, ૨૨ અને ૨૯ માંથી ૩-૩ કેસ, સે. ૧૭, ૨૭, ૧૫ અને ૨૧ માંથી બે-બે કેસ મળવા ઉપરાંત બોરીજ, જી.ઈ.બી., સે. ૧૪, ૬, ૧૯, ૧૨, ૨૦, ૧૬ અને સે. ૨૩ માંથી પણ કેસ મળી આવેલ**

કલોલ તાલુકાના આમજા ગામેથી એક જ દિવસમાં ૪ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આ ઉપરાંત નંદાલી, રાંચરડા, ધમાસણામાંથી એક-એક કેસ તેમજ કલોલ અર્બનમાંથી બે કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકાના મહુડી ગામેથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૩૮૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૬૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ગ્રામ્યવિસ્તારમાં ૧૪૧૪ વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૭૮ જેટલા કન્ટેનમેન્ટ ઝોન છે. જિલ્લામાં કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની કડક અમલવારી માટે તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૬ કેસ મળી આવ્યા છે. શહેરમાં નોંધાયેલા કેસોમાંથી એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ૧૩ દર્દીઓ ૫૫ થી વધુ વય ધરાવે છે.

શહેરમાં કોરોનાના કેસો જે ગતિએ વધી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે. આજે પણ ૨૫ જેટલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. છેલ્લા એક સપ્તાહથી શહેરમાં રોજના ૨૦ થી વધુ કેસો નોંધાઈ રહ્યા હોવાથી શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યામાં પણ વધારો થયો છે.

આજે સંક્રમિત થનારાઓમાં જી.ઈ.બી.નો કર્મયોગી, એન્જીનીયરીંગ કોલેજનો સેવક, સર્વ શિક્ષા અભિયાનનો કર્મયોગી, સુપરવાઈઝર કર્મયોગી, કોન્સ્ટેબલ, શિક્ષક, અધ્યાપક, સચિવાલયમાં ફરજો બજાવતા નાયબ સેક્શન અધિકારી, ડ્રાયવર તેમજ સે. ૨૧માં કૂક તરીકે ફરજો બજાવતાં કર્મચારીનો સમાવેશ થાય છે. શહેરમાં સે. ૨૮, ૨૨ અને ૨૯ માંથી ૩-૩ કેસ, સે. ૧૭, ૨૭, ૧૫ અને ૨૧ માંથી બે-બે કેસ મળવા ઉપરાંત બોરીજ, જી.ઈ.બી., સે. ૧૪, ૬, ૧૯, ૧૨, ૨૦, ૧૬ અને સે. ૨૩ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળવાના શરૂ થયા છે તેમજ કોરોના માટે સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ડેપોએ હોળી ધુળેટીના પર્વ દરમિયાન ૧૧ લાખની આવક કરી

## દાહોદ, ઝાલોદ, ગોધરા, દેવગઢ બારીયા સહીતના રૂટોમાં ૨૨૦ ટ્રીપોનુ સંચાલન કર્યુ

ગાંધીનગર તા ૨

ગાંધીનગર એસ ટી ડેપોએ હોળી ધુળેટીના પર્વ દરમિયાન દાહોદ , જાલોદ અને ગોધરા સહીતના રૂટમાં કુલ ૨૨૦ બસોનુ સંચાલન કરી આઠ દિવસમાં રૂ ૧૧ લાખની આવક કરી છે. હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી આ રૂટોમાં વિશેષ ટ્રાફિક જોવા મળ્યો હતો જેના લીધે એસ ટી એ પણ વધારાની બસો ખાસ રૂટમાં દોડાવી આવક રળી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા એક વર્ષથી મુસાફરોની સંખ્યામાં નોંધવાપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે આમ નાગિરકો સલામત સવારીનો ઉપયોગ કરવાનુ ટાળી રહ્યા છે. અગાઉના દિવસોમાં લોકડાઉન દરમિયાન એસ ટી સેવા બંધ રહી હતી જયારે લાંબા સમયના અંતે સલામત સવારીના પૈડા ટ્રેક પર ફરતા થયા છે. ત્યારે ફરી એકવાર કોરોનાનો કહેર વધતા નગરજનો એસ ટી બસમાં મુસાફરી કરવાનુ ટાળી રહ્યા છે. સંક્રમણથી બચવા માટે નાગરિકો ખાનગી વાહનોનો વિશેષ ઉપયોગ કરી રહ્યા છે. જેના લીધે એસ ટી ડેપોની રૂટીન આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. બીજીતરફ હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી એસ ટી ડેપો દ્વારા વિશેષ બસ દોડાવામાં આવી હતી જેમાં નગરમાં કામ કરતા શ્રમિક વર્ગને અનુલક્ષી દાહોદ, ઝાલોદ, ગોધરા, દેવગઢબારિયા સહીતના રૂટમાં ખાસ બસો દોડી હતી જયારે તા ૨૧ થી ૨૮ માર્ચ દરમિયાન બસ સેવાના આ ખાસ રૂટોનુ આયોજન કરાયુ હતુ. આ આઠ દિવસ દરમિયાન એસ ટી તંત્રએ આ રૂટમાં ૨૨૦ બસોનુ સંચાલન કર્યુ હતુ. જે અન્વયે ગાંધીનગર એસ ટી ડેપોએ રૂ ૧૧ લાખની આવક કરી હતી જયારે ગત વર્ષ દરમિયાન પણ એસ ટી ડેપોએ આ દિવસોમાં ચાર દિવસની બસ સેવાના અંતે રૂ ૪ લાખની આવક કરી હતી. જો કે ગત વર્ષ કરતા ચાર દિવસ વધુ ટ્રીપો દોડાવાતા આવકનુ પ્રમાણ પણ વધ્યુ છે.

# ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષા નિયત કાર્યક્રમ મુજબ જ યોજાશે

ગાંધીનગર,તા.૨

કોરોનાની મહામારી વચ્ચે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ની તારીખમાં ફેરબદલી કરવામાં આવી છે. તેવો પરિપત્ર સોશિયલ મીડિયા પર થયો વાયરલ થયો હતો. જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શિક્ષણ બોર્ડના લેટર પર પરીક્ષા જૂન માસમાં યોજાશે તેવો લેટર થયો ફરતો થયો હતો. બીજી તરફ રાજ્યના શિક્ષણ બોર્ડ આ લેટર ફેક હોવાનો કર્યો દાવો, શિક્ષણ બોર્ડ કોઈ પરીક્ષાની તારીખ માં ફેરબદલી કરી નથી.

આગાઉ શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરેલા બોડની પરીક્ષા ના ટાઈમ ટેબલ હેઠળ પરીક્ષા લેવાશે, બોર્ડ વાલીઓ અને વિધાર્થીઓ ને કરી અપીલ કોઈ ફેક લેટર પર વિશ્વાસ કરવો નહીં પરીક્ષાની તારીખમાં કોઈ ફેરબદલી કરવામાં આવી નથી. કોરોનાની મહામારી વચ્ચે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની તારીખમાં

● અનુસંધાન પાન-૭ પર

SURMOUNT HOSPITAL

સરમાઉન્ટ હોસ્પિટલ

પ્લોટ નં.R-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર.

મો. ૮૪૬૯૮૮૦૫૫૦, ૯૬૨૪૪૦૧૯૯૯

ગર્વમેન્ટ માન્ય કોવિડ સેન્ટર

EMERGENCY 24 HOURS SERVICES

હોમકેર પેકેજ

- દરરોજ કોવિડ સ્પેશ્યાલિસ્ટ એમ.ડી. ફીજીશીયનની એક વિઝીટ
- કોવિડ કેર કીટ જેમાં ઓક્સિજન માત્રા ચેક કરવા માટે પલ્સ ઓકસી મીટર, થર્મોમીટર, સ્ટીમ ઈન્હેલર (નાસ લેવા માટે), N-95 માસ્ક, હેન્ડ સેનેટાઈઝર
- ઈમરજન્સી સારવાર 24 x 7 વિડીયો કોલીંગ મારફતે અને જરૂર પડે તો ઘરે પણ
- જરૂર પડે તો કોવિડ હોસ્પિટલમાં દાખલ થવા સુધીની સગવડ
- કોવિડ માટેના મોઘા ઈન્જેક્શન Remdesivir ઘરે આપવાની સુવિધા
- 7 દિવસનું પેકેજ ઉપલબ્ધ • સીટી સ્કેન કરાવવા માટે એમ્બ્યુલન્સની સુવિધા
- ઘર બેઠા બ્લડ રીપોર્ટ • કોરોનાને લગતી તમામ દવાઓ • સંપૂર્ણ 7 દિવસનું પેકેજ

*T&C

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com